001. ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ ક્યો છે?

(A) 15 ઓગષ્ટ 1947 (B) 1 જાન્યુઆરી 1960

(C) 1 એપ્રિલ 1960 (D) 1 મે 1960

જવાબ:- (D) 1 મે 1960

002. પૃથ્વી પરની કુલ જમીનમાંથી કેટલા ટકા જમીનનો હિસ્સો ભારત ધરાવે છે?

(A) 2.4% (B) 3.4%

(C) 4.4% (D) 5.4%

જવાબ:- (A) 2.4%

003. અમદાવાદમાં સૌપ્રથમ સુતરાઉ કાપડ મીલની સ્થાપના કોણે કરી હતી?

(A) રણછોડલાલ છોટાલાલ રેટિંયાવાળા (B) બેચરદાસ લશ્કરી

(C) કેશવચંદ્ર સેન (D) કસ્તુરભાઈ લાલભાઈ

જવાબ:- (A) રણછોડલાલ છોટાલાલ રેટિંયાવાળા

004. ગુજરાતના ક્યા જિલ્લામાં વસ્તી ગીચતા સૌથી ઓછી છે?

(A) બનાસકાઠા (B) કચ્છ

(C) સુરેન્દ્રનગર (D) રાજકોટ

જવાબ:- (B) કચ્છ

005. ત્રીપુરા રાજ્યની રાજધાની કઈ છે?

(A) અગરતલા (B) દિસપુર

(C) ઈટાનગર (D) કોહિમા

જવાબ:- (A) અગરતલા

006. ભારતનું અગત્યનું બંદર તુતીકોરીન ક્યા રાજ્યમાં આવેલું છે?

(A) કેરલ (B) આંધ્રપ્રદેશ

GK Gujarat.com

(C) તમીલનાડુ (D) કર્ણાટક

જવાબ:- (C) તમીલનાડુ

007. ગુજરાત રાજ્યનું રાજ્ય ગીત ક્યું છે?

(A) જય જય ગરવી ગુજરાત (B) વૈષ્ણવ જન તો તેને

(C) ગુજરાત મોરી મોરી રે (D) અમારી ગુણવંતી ગુજરાત

જવાબ:- (A) જય જય ગરવી ગુજરાત

008. નેશનલ મ્યુઝીયમ-દિલ્હી દ્વારા 'લાઈફ ઈન મીનીએચર પ્રોજેક્ટ (Life in Miniature project)' કઈ કંપની સાથે શરૂ કરેલ છે?

(A) ગુગલ (B) એમેઝોન

(C) ફેસબુક (D) માઈક્રોસોફ્ટ

જવાબ:- (A) ગુગલ

009. આદિજાતિનો પ્રસિદ્ધ 'ગોળ ગધેડાનો મેળો' ક્યા જિલ્લામાં ભરાય છે?

(A) ડાંગ (B) દાહોદ

(C) બનાસકાંઠા (D) વડોદરા

જવાબ:- (B) દાહોદ

010. ટિહરી જળ વિદ્યુત પરિયોજના (Tehri Hydro Electric Project) કઈ નદી પર બનાવવામાં આવી છે?

(A) ભાગીરથી (B) અલકનંદા

(C) નર્મદા (D) કાવેરી

જવાબ:- (A) ભાગીરથી

011. ગાંધીજીએ 'ડુંગળી ચોર'નું બિરૂદ કોને આપ્યું હતુ?

(A) મોતીભાઈ અમીન (B) મોહનલાલ પંડ્યા

GK Gujarat.com

(C) વલ્લભભાઈ પટેલ (D) નરહરિ પરીખ

જવાબ:- (B) મોહનલાલ પંડ્યા

012. ગુજરાત રાજ્યનું રાજ્ય પ્રાણી ક્યુ છે?

(A) વાઘ (B) સિંહ

(C) ગાય (D) હાથી

જવાબ:- (B) સિંહ

013. જયપ્રકાશ નારાયણ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક (Jayprakash Narayan International Airport) ક્યા રાજ્યમાં આવેલું છે?

(A) ઉત્તર પ્રદેશ (B) મહારાષ્ટ્ર

(C) તમિલનાડુ (D) બિહાર

જવાબ:- (D) બિહાર

- જયપ્રકાશ નારાયણ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક (Jayprakash Narayan International Airport) બિહારની રાજધાની પટનામાં આવેલું છે.

014. ચાર- ચાપોરી ક્ષેત્ર ભારતના ક્યા રાજ્યમાં આવેલું છે?

(A) પશ્ચિમ બંગાળ (B) અરૂણાચલ પ્રદેશ

(C) આસામ (D) મણિપુર

જવાબ:- (C) આસામ

015. દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક ક્યું છે?

(A) દ્વારકા (B) ઓખા

(C) ખંભાળીયા (D) પોરબંદર

જવાબ:- (C) ખંભાળીયા

016. ખીજડીયા પક્ષી અભ્યારણ્ય (Khijadiya Bird Sanctuary) ક્યા જિલ્લામાં આવેલું છે?

GK Gujarat.com

(A) કચ્છ (B) જુનાગઢ

(C) અમરેલી (D) જામનગર

જવાબ:- (D) જામનગર

017. 'વાસુકી' ઉપનામ ક્યા ગુજરાતી સાહિત્યકારનું છે?

(A) મણિશંકર ભટ્ટ (B) બળવંતરાય ઠાકોર

(C) ઉમાશંકર જોશી (D) પન્નાલાલ પટેલ

જવાબ:- (C) ઉમાશંકર જોશી

018. ક્યો વેદ સૌથી જૂનો વેદ છે?

(A) ઋગ્વેદ (B) સામવેદ

(C) યજુર્વેદ (D) અથર્વવેદ

જવાબ:- (A) ઋગ્વેદ

019. ભારતના ઈતિહાસમાં પ્રસિદ્ધ 'વિક્રમશીલા વિશ્વવિદ્યાલય'ની સ્થાપના કોણે કરી હતી?

(A) ગોપાલ (B) ધર્મપાલ

(C) દેવપાલ (D) વિગ્રહપાલ

જવાબ:- (B) ધર્મપાલ

020. મરાઠા શાસક છત્રપતિ શિવાજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા?

(A) સંત તુકારામ (B) ગુરૂ નાનકદેવ

(C) સંત કબીર (D) ગુરૂ સમર્થ રામદાસ

જવાબ:- (D) ગુરૂ સમર્થ રામદાસ

021. ગુજરાત રાજ્યનું રાજ્ય પક્ષી ક્યુ છે?

(A) મોર (Peacock) (B) કબુતર (Pigeon)

(C) સુરખાબ (Flamingo) (D) ચકલી (Sparrow)

GkGujarat.com

જવાબ:- (C) સુરખાબ (Flamingo)

022. ખેડા સત્યાગ્રહ ક્યા કારણોસર કરવામાં આવ્યો હતો?

(A) જમીન માલિકો દ્વારા થતું શોષણ અટકાવવા

(B) દુષ્કાળના કારણે મહેસુલ મુલત્વી રાખવા

(C) અતિવૃષ્ટિના કારણે મહેસુલ મુલત્વી રાખવા

(D) ખેડુત આગેવાનોની ધરપકડનો વિરોધ કરવા

જવાબ:- (C) અતિવૃષ્ટિના કારણે મહેસુલ મુલત્વી રાખવા

023. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિના પ્રણેતા કોણ હતા?

(A) શ્રી અરવિંદ ઘોષ (B) છોટુભાઈ પુરાણી

(C) મોતીભાઈ અમીન (D) મોહનલાલ પંડ્યા

જવાબ:- (A) શ્રી અરવિંદ ઘોષ

024. પક્કે ટાઈગર રિઝર્વ (પખુઈ ટાઈગર રિઝર્વ) ભારતના ક્યા રાજ્યમાં આવેલું છે?

(A) અરૂણાચલ પ્રદેશ (B) મધ્ય પ્રદેશ

(C) ઉત્તરાખંડ (D) કર્ણાટક

જવાબ:- (A) અરૂણાચલ પ્રદેશ

025. 'સારે જહાઁ સે અચ્છા હિંદુસ્તા હમારા' ગીતના રચયીતા કોણ છે?

(A) મહમદ ઈકબાલ (B) અશફાક ઉલ્લા ખાન

(C) રવિન્દ્રનાથ ટાગોર (D) બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય

જવાબ:- (A) મહમદ ઈકબાલ

026. ભારતના ક્યા રાજ્યમાં 'રૂપકુંડ સરોવર' આવેલું છે?

(A) કેરલ (B) મણિપુર

(C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ

gkgujarat.com

જવાબ:- (D) ઉત્તરાખંડ

- રૂપકુંડ સરોવર ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલું છે.
- આ હિમાલયનું એક સરોવર છે.
- આ સરોવરમાંથી ઘણા માનવ હાડપિંજર મળી આવ્યા હોવાથી તેને ‘કંકાલ સરોવર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

027. પ્રસિદ્ધ હિન્દી કૃતિ ‘મધુશાલા’ના લેખક કોણ છે?

(A) મુન્શી પ્રેમચંદ (B) સુર્યકાંત ત્રીપાઠી

(C) રવિન્દ્રનાથ ટાગોર (D) હરીવંશરાય બચ્ચન

જવાબ:- (D) હરીવંશરાય બચ્ચન

028. હમીરસર તળાવ ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) કચ્છ (B) જામનગર

(C) વડોદરા (D) સુરેન્દ્રનગર

જવાબ:- (A) કચ્છ

029. સરદાર પટેલ રાષ્ટ્રીય મ્યુઝિયમ ( Sardar Patel National Museum) ક્યાં આવેલું છે?

(A) આણંદ (B) અમદાવાદ

(C) દિલ્હી (D) બારડોલી

જવાબ:- (D) બારડોલી

- સરદાર પટેલ રાષ્ટ્રીય મ્યુઝિયમ (Sardar Patel National Museum) સુરત જિલ્લાના બારડોલી ખાતે આવેલા સ્વરાજ આશ્રમના પરિસરમાં આવેલું છે.

030. માનસ રાષ્ટ્રીય ઉદ્યાન (Manas National Park) ક્યા રાજ્યમાં આવ્યો છે?

(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ

(C) આસામ (D) અરૂણાચલ પ્રદેશ

gk Gujarat.com

જવાબ:- (C) આસામ

031. પ્રસિદ્ધ મીનાક્ષી મંદિર ક્યા રાજ્યમાં આવેલું છે?

(A) તમિલનાડુ (B) કેરલ

(C) કર્ણાટક (D) ઓડીસા

જવાબ:- (A) તમિલનાડુ

032. વિસ્તારની દ્રષ્ટિએ ક્યો જિલ્લો ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે?

(A) અમદાવાદ (B) કચ્છ

(C) સુરેન્દ્રનગર (D) બનાસકાંઠા

જવાબ:- (B) કચ્છ

033. પ્રસિદ્ધ ચાર મીનાર મસ્જિદ ભારતના ક્યા શહેરમાં આવેલી છે?

(A) દિલ્હી (B) આગ્રા

(C) કોલકાતા (D) હૈદરાબાદ

જવાબ:- (D) હૈદરાબાદ

034. ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ કોણ હતા?

(A) ડૉ. શ્રીમન્નારાયણ (B) કે. કે. વિશ્વનાથન

(C) શ્રી મહેંદી નવાઝજંગ (D) શ્રી નવલકિશોર શર્મા

જવાબ:- (C) શ્રી મહેંદી નવાઝજંગ

035. મધુબની ચિત્રકલા (Madhubani Painting) ભારતના ક્યા રાજ્યની પ્રસિદ્ધ ચિત્રકલા છે?

(A) મધ્ય પ્રદેશ (B) બિહાર

(C) ઉત્તર પ્રદેશ (D) રાજસ્થાન

જવાબ:- (B) બિહાર

Downloaded from www.gkgujarat.com 

- મધુબની ચિત્રકલાને મિથિલા ચિત્રકલા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બિહારના મિથિલા પ્રદેશની મુખ્ય પરંપરાગત કલા છે.

036. માલગુડી ડેઝ (Malgudi Days) કૃતિના લેખક કોણ છે?

(A) શ્રી મુલ્ક રાજ આનંદ (B) વિક્રમ શેઠ

(C) કિરણ દેસાઈ (D) શ્રી આર. કે. નારાયણ

જવાબ:- (D) શ્રી આર. કે. નારાયણ

037. ગુજરાત રાજ્યની વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે?

(A) 160 (B) 175

(C) 182 (D) 190

જવાબ:- (C) 182

038. મહાન સાહિત્યકાર અને કલા પ્રેમી રાજા ભોજ ક્યા રાજવંશ સાથે સંલગ્ન હતા?

(A) ગુર્જર પ્રતિહાર વંશ (B) પરમાર વંશ

(C) ચાહમાન (ચૌહાણ) વંશ (D) ચન્દેલ વંશ

જવાબ:- (B) પરમાર વંશ

039. ગૌતમ બુદ્ધે તેમના પ્રવચનો કઈ ભાષામાં આપ્યા હતા?

(A) પાલી (B) ભોજપુરી

(C) સંસ્કૃત (D) માગધી

જવાબ:- (A) પાલી

040. ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ ક્યારથી થયો છે?

(A) 1 મે 1950 (B) 1 મે 1960

(C) 1 એપ્રિલ 1961 (D) 1 એપ્રિલ 1963

જવાબ:- (D) 1 એપ્રિલ 1963

GK Gujarat.com

041. સ્વતંત્ર ભારતના પ્રથમ મહિલા ગવર્નર કોણ હતા?

(A) શારદા મુખર્જી | (B) વિજયાલક્ષ્મી પંડીત
(C) સરોજીની નાયડુ | (D) રાજકુમારી અમૃત કૌર

જવાબ:- (C) સરોજીની નાયડુ

- સરોજીની નાયડુ 1947માં યુનાઈટેડ પ્રોવિન્સ (હાલનું ઉત્તર પ્રદેશ)ના ગવર્નર તરીકે નિયુક્ત થયા હતા.

042. ઈ.સ. 1947માં લોર્ડ માઉન્ટબેટન દ્વારા ભારત-પાકિસ્તાનની સીમાઓ નક્કી કરવા માટે રચેલા પંચના અધ્યક્ષ કોણ હતા?

(A) સર હેનરી મેકમોહન | (B) લોર્ડ માઉન્ટબેટન
(C) સર મોર્ટિમર ક્યુરન્ડ | (D) સર સીરીલ રેડક્લીફ

જવાબ:- (D) સીરીલ રેડક્લીફ

043. ગુજરાતનો ક્યો જિલ્લો સૌથી વધારે વસ્તી ગીચતા ધરાવે છે?

(A) સુરત | (B) અમદાવાદ
(C) ડાંગ | (D) વડોદરા

જવાબ:- (A) સુરત

044. વર્ષ 1927માં થયેલ “મહાડ સત્યાગ્રહ”ના મુખ્ય પ્રણેતા કોણ હતા?

(A) લાલા લજપતરાય | (B) જ્યોતિબા ફુલે
(C) ડો. બી. આર .આંબેડકર | (D) મહાદેવ ગોવિન્દ રાનડે

જવાબ:- (C) ડો. બી. આર .આંબેડકર

045. ગુજરાત રાજ્યના મહીસાગર જિલ્લાનું વડું મથક ક્યું છે?

(A) ગોધરા | (B) વ્યારા
(C) રાજપીપળા | (D) લુણાવાડા

GK Gujarat.com

જવાબ:- (D) લુણાવાડા

046. અમૃતસર ખાતેના સુવર્ણ મંદિરનું નિર્માણ કોણે કરાવડાવ્યું હતું?

(A) ગુરૂ નાનક (B) ગુરુ તેગ બહાદુર

(C) ગુરૂ ગોવિંદસીંહ (D) ગુરૂ અર્જુનદેવ

જવાબ:- (D) ગુરૂ અર્જુનદેવ

047. ઈંગ્લેન્ડ ખાતે ઈન્ડીયા હાઉસની સ્થાપના કોણે કરી હતી?

(A) ઉધમ સિંહ (B) શામજી કૃષ્ણ વર્મા

(C) મેડમ ભીકાજી કામા (D) સરદાર સિંહ રાણા

જવાબ:- (B) શામજી કૃષ્ણ વર્મા

048. ગુજરાતના ઈતિહાસમાં ‘બર્બરક જિષ્ણુ’ અને ‘અવંતી નાથ’ તરીકે ક્યો રાજા પ્રસિદ્ધ છે?

(A) મૂળરાજ સોલંકી (B) સિદ્ધરાજ જયસિંહ

(C) કર્ણદેવ વાઘેલા (D) વનરાજ ચાવડા

જવાબ:- (B) સિદ્ધરાજ જયસિંહ

049. મહાત્મા ગાંધી કોને પોતાના રાજનૈતિક ગુરૂ માનતા હતા?

(A) રવિંદ્રનાથ ટાગોર (B) લોકમાન્ય તિલક

(C) ગોપાલકૃષ્ણ ગોખલે (D) લાલા લજપતરાય

જવાબ:- (C) ગોપાલકૃષ્ણ ગોખલે

050. ભેજ માપવા માટે ક્યા યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) ઓડોમીટર (B) હાઈગ્રોમીટર

(C) પાયરોમીટર (D) લેક્ટોમીટર

જવાબ:- (B) હાઈગ્રોમીટર

051. ગુજરાતની દરિયાઈ સીમા કેટલા કિલોમીટર લાંબી છે?

gkgujarat.com

Downloaded from www.gkgujarat.com

(A) 1200 કિ.મી. (B) 1600 કિ.મી.

(C) 1800 કિ.મી. (D) 2100 કિ.મી.

જવાબ:- (B) 1600 કિ.મી.

052. અમદાવાદમાં શ્રી વિનોદ કિનારીવાલા અને શ્રી ઉમાકાંત કડિયા આઝાદીની કઈ લડત દરમિયાન શહીદ થયા હતા?

(A) સ્વદેશી આંદોલન (B) અસહકાર આંદોલન

(C) સવિનય કાનુનભંગ (D) હિંદ છોડો આંદોલન

જવાબ:- (D) હિંદ છોડો આંદોલન

053. હિન્દુસ્તાન શીપયાર્ડ લિમીટેડ ક્યા સ્થળે આવેલું છે?

(A) કોચી (B) વિશાખાપટનમ

(C) મુંબઈ (D) કોલકાતા

જવાબ:- (B) વિશાખાપટનમ

054. ભારતનું નાણાકિય વર્ષ ક્યા સમયગાળા માટેનું હોય છે?

(A) 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર (B) 1 માર્ચથી 28/29 ફેબ્રુઆરી

(C) 1 એપ્રિલથી 31 માર્ચ (D) 1 ઓગષ્ટથી 31 જુલાઈ

જવાબ:- (C) 1 એપ્રિલથી 31 માર્ચ

055. ભારતના બંધારણના ક્યા અનુચ્છેદમાં વાણી સ્વાતંત્ર્ય સંબંધી અમુક હક્કોના રક્ષણની જોગવાઈ કરેલ છે?

(A) અનુચ્છેદ 15 (B) અનુચ્છેદ 17

(C) અનુચ્છેદ 19 (D) અનુચ્છેદ 21

જવાબ:- (C) અનુચ્છેદ 19

056. દાંતા અને પાલનપુર નજીકની ટેકરીઓ ક્યા નામથી ઓળખાય છે?

GK Gujarat.com

(A) આરાસુરની ટેકરીઓ (B) સુવાલીની ટેકરીઓ

(C) પૂરના મેદાન (D) જેસોરની ટેકરીઓ

જવાબ:- (D) જેસોરની ટેકરીઓ

057. નીચેનામાંથી કોનો ઉપયોગ લુબ્રિકન્ટ (Lubricant) તરીકે થાય છે?

(A) ગ્રેફાઈટ (Graphite) (B) સીલીકા (Silica)

(C) આયર્ન ઓક્સાઈડ (Iron Oxide) (D) હીરો (Diamond)

જવાબ:- (A) ગ્રેફાઈટ (Graphite)

058. ગુજરાતનું એકમાત્ર ગિરિમથક સાપુતારા ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) વલસાડ (B) ડાંગ

(C) નવસારી (D) સુરત

જવાબ:- (B) ડાંગ

059. સામાન્ય સમુદ્રના પાણીની ખારાશ (Salinity) કેટલી હોય છે?

(A) 3% (B) 3.5%

(C) 4% (D) 4.5%

જવાબ:- (B) 3.5%

060. ધીણોધર, ભૂજિયો અને લીલિયો વગેરે ડુંગરો કચ્છની કઈ ધારમાં આવેલા છે?

(A) ઉત્તર ધાર (B) મધ્ય ધાર

(C) દક્ષિણ ધાર (D) વાગડના મેદાન

જવાબ:- (B) મધ્ય ધાર

061. ‘કંઠીના મેદાન’ તરીકે ઓળખાતા મેદાનો ક્યા જિલ્લામાં આવેલા છે?

(A) કચ્છ (B) બનાસકાંઠા

(C) સુરેન્દ્રનગર (D) આણંદ

gkGujarat.com

જવાબ:- (A) કચ્છ

062. ગુજરાતનું સૌથી ઊંચુ પર્વત શીખર ક્યુ છે?

(A) ચોટીલા (B) સરકલા

(C) શેત્રુંજી (D) ગોરખનાથ

જવાબ:- (D) ગોરખનાથ

063. દરેક એસિડમાં ક્યુ તત્વ સામાન્ય હોય છે?

(A) હાઈડ્રોજન (B) સોડિયમ

(C) કાર્બન (D) ઓક્સિજન

જવાબ:- (A) હાઈડ્રોજન

064. 1 કિલોમીટર બરાબર કેટલા માઈલ થાય છે?

(A) 0.50 માઈલ (B) 0.62 માઈલ

(C) 0.84 માઈલ (D) 1.6 માઈલ

જવાબ:- (B) 0.62 માઈલ

065. ભારતના બંધારણમાં છ થી ચૌદ વર્ષની વયના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પુરૂ પાડવાની જોગવાઈ કેટલામાં બંધારણીય સુધારાથી દાખલ કરવામાં આવી છે?

(A) 42મો બંધારણીય સુધારો (B) 86મો બંધારણીય સુધારો

(C) 99મો બંધારણીય સુધારો (D) 101મો બંધારણીય સુધારો

જવાબ:- (B) 86મો બંધારણીય સુધારો

066. બેંકીંગ ક્ષેત્રે વપરાતા MICRનું પૂર્ણ રૂપ શું છે?

(A) Magnetic Ink Code Recognition

(B) Magnetic Ink Colour Recognition

(C) Magnetic Ink Character Recognition

GK Gujarat.com

(D) Magnetic Ink Cash Recognition

જવાબ:- (C) Magnetic Ink Character Recognition

067. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી ક્યા સ્થળેથી ગુજરાતમાં પ્રવેશે છે?

(A) હાંફેશ્વર (B) શુકલતીર્થ

(C) ચાંદોદ (D) કરનાળી

જવાબ:- (A) હાંફેશ્વર

068. 'કાલુ' નામની માછલીઓ ગુજરાતની કઈ નદીમાંથી મળે છે?

(A) પૂર્ણા (B) અંબિકા

(C) કોલક (D) દમણગંગા

જવાબ:- (C) કોલક

069. Junk e-mailને બીજા ક્યા નામથી ઓળખવામાં આવે છે?

(A) Spoof (B) Spool

(C) Spot (D) Spam

જવાબ:- (D) Spam

070. પ્રસિદ્ધ ભારતીય ખેલાડી 'મિતાલી રાજ' કઈ રમત સાથે સંકળાયેલી છે?

(A) ક્રિકેટ (B) બેડમિન્ટન

(C) બોક્સીંગ (D) શૂટીંગ

જવાબ:- (A) ક્રિકેટ

071. વણાકબોરી અને કડાણા યોજનાઓ કઈ નદી પર આવેલી છે?

(A) સરસ્વતી (B) તાપી

(C) મહી (D) ભાદર

જવાબ:- (C) મહી

gkgujarat.com

072. ભારતના બંધારણના અનુચ્છે 79 મુજબ સંઘને માટે એક સંસદ રહેશે, જેમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?

(A) રાષ્ટ્રપતિ (B) રાજ્યસભા

(C) લોકસભા (D) રાજ્યોની વિધાનસભાઓ

જવાબ:- (D) રાજ્યોની વિધાનસભાઓ

073. આદિવાસીઓનો પ્રસિધ્ધ ચિત્ર-વિચિત્રનો મેળો ગુજરાતના ક્યા સ્થળે ભરાય છે?

(A) આહવા (જિલ્લો ડાંગ) (B) ગુણભાંખરી (જિલ્લો સાબરકાંઠા)

(C) કવાંટ (જિલ્લો છોટા ઉદેપુર) (D) શામળાજી (જિલ્લો સાબરકાંઠા)

જવાબ:- (B) ગુણભાંખરી (જિલ્લો સાબરકાંઠા)

074. ‘બીહુ નૃત્ય’ ક્યા રાજ્યનું લોકનૃત્ય છે?

(A) મધ્ય પ્રદેશ (B) મણિપુર

(C) રાજસ્થાન (D) આસામ

જવાબ:- (D) આસામ

075. કામરાજર પોર્ટ લિમિટેડ (જૂનું નામ એન્નોર પોર્ટ લિમિટેડ) ભારતના ક્યા રાજ્યમાં આવેલું છે?

(A) તમિલનાડુ (B) ગોવા

(C) કેરલ (D) કર્ણાટક

જવાબ:- (A) તમિલનાડુ

076. રાજ્યની કારોબારી સત્તા કોનામાં નિહિત થાય છે?

(A) મુખ્યમંત્રી (B) રાજ્યપાલ

(C) વિધાનસભા (D) રાષ્ટ્રપતિ

જવાબ:- (B) રાજ્યપાલ

Downloaded from www.gkgujarat.com

- ભારતના બંધારણના અનુચ્છેદ 154 મુજબ રાજ્યની કારોબારી સત્તા રાજ્યપાલમાં નિહિત થાય છે.

077. થીલ્લના એ ક્યા નૃત્યનો એક ભાગ છે?

(A) કુચીપુડી (B) ઓડીસી

(C) ભરતનાટ્યમ (D) કથ્થક

જવાબ:- (C) ભરતનાટ્યમ

078. કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષ્યદ્વિપની રાજધાની કઈ છે?

(A) પોર્ટ બ્લેયર (B) કરાવતી

(C) અમરાવતી (D) ચેન્નઈ

જવાબ:- (B) કરાવતી

079. જમીન મહેસૂલ વસૂલાત ઉપર જરૂરી દેખરેખ રાખવા વોરેન હેસ્ટીંગે 'બોર્ડ ઓફ રેવન્યુ'ની રચના ક્યા સ્થળે કરી હતી?

(A) કોલકતા (B) મુંબઈ

(C) લખનૌ (D) દિલ્હી

જવાબ:- (A) કોલકતા

080. ભારતના બંધારણમાં મૂળભૂત ફરજોનો ખ્યાલ ક્યા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યો છે?

(A) અમેરિકા (B) ફ્રાંસ

(C) રશિયા (D) જર્મની

જવાબ:- (C) રશિયા

081. ધોવાના સોડા (Washing Soda)નું રાસાયણિક નામ શું છે?

(A) કેલ્શિયમ બાયકાર્બોનેટ (B) કેલ્શિયમ કાર્બોનેટ

gkgujarat.com

(C) સોડિયમ બાયકાર્બોનેટ (D) સોડિયમ કાર્બોનેટ

જવાબ:- (D) સોડિયમ કાર્બોનેટ

082. ભારતમાં અણુ ઊર્જાના પિતા (Father of Atomic Energy) કોને માનવામાં આવે છે?

(A) ડૉ. હોમી જહાંગીર ભાભા (B) વિક્રમ સારાભાઈ

(C) એ.પી. જે. અબ્દુલ કલામ (D) સી. વી. રામન

જવાબ:- (A) ડૉ. હોમી જહાંગીર ભાભા

083. એનવાયરોન્મેન્ટ (Environment) શબ્દ કઈ ભાષામાંથી લેવામાં આવ્યો છે?

(A) ગ્રીક (B) લેટીન

(C) ઈંગ્લીશ (D) ફ્રેંચ

જવાબ:- (D) ફ્રેંચ

084. ભારતમાં 'શિક્ષક દિવસ (Teacher's Day)' ક્યારે ઉજવવામાં આવે છે?

(A) 1 જુલાઈ (B) 5 સપ્ટેમ્બર

(C) 5 ઓક્ટોબર (D) 10 ડિસેમ્બર

જવાબ:- (B) 5 સપ્ટેમ્બર

085. 'રાજા મહેન્દ્રપ્રતાપ સીંઘ યુનિવર્સિટી' ક્યા શહેરમાં આવેલી છે?

(A) જયપુર (B) લખનૌ

(C) અલીગઢ (D) મૈસુર

જવાબ:- (C) અલીગઢ

086. રૂદ્રદામનના છ શિલાલેખો ગુજરાતનાં ક્યા સ્થળેથી મળી આવ્યા છે?

(A) અંધાઉ (B) ભૂજ

(C) લખપત (D) અંજાર

જવાબ:- (A) અંધાઉ

gk Gujarat.com

087. ક્યા પ્રાણીને ભારતના રાષ્ટ્રીય ધરોહર પ્રાણી તરીકે જાહેર કરેલ છે?

(A) વાઘ (B) ગાય

(C) હાથી (D) ચિત્તો

જવાબ:- (C) હાથી

088. અડાલજ ખાતે આવેલી રૂડાવાવ કોની સ્મૃતિમાં બંધાવવામાં આવી હતી?

(A) રાણા વીરસિંહ (B) રૂડા દેવી

(C) સિદ્ધરાજ જયસિંહ (D) ભીમદેવ પ્રથમ

જવાબ:- (A) રાણા વીરસિંહ

089. પુરાતત્વીય સ્થળ કુંતાશી ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) જૂનાગઢ (B) કચ્છ

(C) મોરબી (D) અમદાવાદ

જવાબ:- (C) મોરબી

090. પ્રસિદ્ધ ચિત્રકૃતિ 'શાકુન્તલા'ના ચિત્રકાર કોણ છે?

(A) અબનિંદ્રનાથ ટાગોર (B) રાજા રવિ વર્મા

(C) નંદલાલ બોઝ (D) તૈયબ મહેતા

જવાબ:- (B) રાજા રવિ વર્મા

091. હરિપ્રસાદ ચૌરસીયા ક્યા સંગીત વાદ્ય સાથે સંકળાયેલા છે?

(A) વાંસળી (B) સંતુર

(C) સારંગી (D) તબલા

જવાબ:- (A) વાંસળી

092. રંગોળીને ભારતના ક્યા રાજ્યમાં 'ઐપન'ના નામથી ઓળખવામાં આવે છે?

(A) મધ્ય પ્રદેશ (B) હિમાચલ પ્રદેશ

Downloaded from www.gkgujarat.com

(C) તમિલનાડુ (D) ઉત્તરાખંડ

જવાબ:- (D) ઉત્તરાખંડ

093. ભારતમાં ગુલામ વંશની સ્થાપના કોણે કરી હતી?

(A) મહમૂદ ઘોરી (B) ગ્યાસુદ્દીન બલબન

(C) કુતુબુદ્દીન ઐબક (D) ઈલ્તુત્મિશ

જવાબ:- (C) કુતુબુદ્દીન ઐબક

094. ઈ.સ. 1615માં મુઘલ સમ્રાટ જહાંગીરના દરબારમાં ઈંગ્લેન્ડના રાજા જેમ્સ પહેલાના રાજદૂત તરીકે કોણ આવ્યો હતો?

(A) સર થોમસ રો (B) કેપ્ટન વિલિયમ હોકિન્સ

(C) ફ્રાન્કોઈસ બર્નિયર (D) ફ્રાન્સિસ્કો ડી અલ્મેડા

જવાબ:- (A) સર થોમસ રો

095. મધ્ય ગુજરાતની મહત્વપૂર્ણ નદી સાબરમતીનું ઉદ્ગમ સ્થાન ક્યુ છે?

(A) મહાદેવની ટેકરીઓ (મધ્ય પ્રદેશ) (B) ઢેબર સરોવર (રાજસ્થાન)

(C) અમરકંટક (મધ્ય પ્રદેશ) (D) અંઝેરા (મધ્ય પ્રદેશ)

જવાબ:- (B) ઢેબર સરોવર (રાજસ્થાન)

096. ઈ.સ. 1760માં થયેલા વાંડીવાશના યુદ્ધમાં અંગ્રેજી સેનાનું નેતૃત્વ કોણે કર્યું હતું?

(A) કોમટે ડી લેલી (Comte de Lally)

(B) રોબર્ટ ક્લાઈવ (Robert Clive)

(C) સર આયર કૂટ (Sir Eyre Coote)

(D) મેજર હેક્ટર મુનરો (Major Hector Munro)

જવાબ:- (C) સર આયર કૂટ (Sir Eyre Coote)

097. 'વિશ્વ હાથી દિવસ (World Elephant Day)' દર વર્ષે ક્યારે મનાવવામાં આવે છે?

GK Gujarat.com

(A) 10 ઓગષ્ટ (B) 12 ઓગષ્ટ

(C) 29 જુલાઈ (D) 22 મે

જવાબ:- (B) 12 ઓગષ્ટ

098. ક્યા રાજવંશને 'મામુલક વંશ' પણ કહેવામાં આવે છે?

(A) ખિલજી વંશ (B) તુઘલક વંશ

(C) લોદી વંશ (D) ગુલામ વંશ

જવાબ:- (D) ગુલામ વંશ

099. કોચરબ ખાતે આવેલા સત્યાગ્ર આશ્રમની સ્થાપના ગાંધીજીએ ક્યા વર્ષે કરી હતી?

(A) વર્ષ 1914 (B) વર્ષ 1915

(C) વર્ષ 1919 (D) વર્ષ 1920

જવાબ:- (B) વર્ષ 1915

100. દક્ષિણ ગુજરાતની મહત્વની નદી તાપી ગુજરાતમાં ક્યા સ્થળેથી પ્રવેશે છે?

(A) વાંસદા (B) ધરમપુર

(C) હરણફાળ (D) પારડી

જવાબ:- (C) હરણફાળ

GK Gujarat.com

**સામાન્ય જ્ઞાનના વિડીયો જોવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા તમામ વિષયોના વિડીયો માટે અમારી YouTube Channel GK Gujarat.Com ની મુલાકાત લો.**

**https://www.youtube.com/@GKGujarat.Com1**

Downloaded from www.gkgujarat.com 